Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-18, Issue-4, March-2025

# અમદાવાદનો મિલ ઉદ્યોગ

**ભાવિનકુમાર જે.પરમાર**

મદદનીશ પ્રાધ્યાપક (ઇતિહાસ) ગુજરાત આર્ટસ એન્ડ કૉમર્સ કૉલેજ(સાંજ),અમદાવાદ

***Abstract:***

*અમદાવાદ 610 વર્ષનું થયું. આ સમયગાળામાં અમદાવાદ વિશે ઘણી વાતો થઇ. સમાચાર માધ્યમો દ્વારા અમદાવાદ વિશે ઘણી અજાણી વાતો જાણવા મળી. અમદાવાદ પાસે અતુલ્ય વારસો રહેલો છે પણ એ વારસા વિશે કેટલા લોકો જાણે છે તે અગત્યનું છે. આપણે જેને 'આશાવલ', 'કર્ણાવતી', 'અહેમદાબાદ' જેવાં નામોથી ઓળખીએ છીએ તે અમદાવાદને હાલમાં જ યુનેસ્કો દ્વારા ભારતનું પ્રથમ 'હેરિટેજ સીટી' જાહેર કરવામાં આવ્યું. પ્રાચીન સમયથી લઇને આજ દિન સુધી ગુજરાત રાજ્યના સર્વાંગી વિકાસમાં અમદાવાદનું યોગદાન નોંધપાત્ર ગણાય છે. ભારતમાં બ્રિટિશ શાસનની સ્થાપના પછી ઉદ્યોગો, રેલ્વે, તાર-ટપાલની શરૂઆત થઇ. પરિણામે ઇ.સ.1850થી ઇ.સ.1860ના દશકમાં ભારતના ઔદ્યોગિક ક્ષેત્રે મોટું પરિવર્તન આવ્યું. સૂતરાઉ અને રેશમી કાપડ, મસાલા અને ગળીના ઉદ્યોગોની સ્થાપના થઇ. અંગ્રેજોના કાપડના ઉદ્યોગની પ્રગતિ જોઇ ભારતીય ઉદ્યોગપતિઓએ આ ક્ષેત્રમાં ઝંપલાવ્યું. ઇ.સ.1851માં મુંબઇમાં કાવસજી દાવરે કાપડની પ્રથમ મિલ શરૂ કરી. તે જોઇ રણછોડલાલ છોટાલાલે અમદાવાદમાં 'અમદાવાદ સ્પીનિંગ એન્ડ વિવિંગ મિલ'ની સ્થાપના કરી. 30/05/1861ના રોજ 2500 ત્રાકવાળી પ્રથમ મિલ અમદાવાદમાં શરૂ થઇ. આમ, આ મિલની શરૂઆત બાદ અમદાવાદમાં 'ધી અમદાવાદ જીનિંગ એન્ડ મેન્યુફેક્ચરિંગ મિલ', 'માધવલાલ મિલ', 'રામકૃષ્ણ મિલ', 'ગુજરાત સ્પીનિંગ એન્ડ વિવિંગ મિલ', 'હિમાભાઇ મિલ', 'રામકૃષ્ણ મિલ' જેવી અનેક મિલો શરૂ થઇ અને થોડા જ સમયમાં અમદાવાદ 'હિંદના માન્ચેસ્ટર' તરીકે ઓળખાવા લાગ્યું. અમદાવાદના મિલ ઉદ્યોગના કારણે ભારતમાં તેની એક અલગ જ છાપ ઊભી થવા પામી હતી. ભારતમાં પ્રથમ હેરિટેજ સીટી અમદાવાદના મિલ ઉદ્યોગનો ઇતિહાસ રસપ્રદ છે. પ્રસ્તુત લેખમાં અમદાવાદમાં મિલ ઉદ્યોગની શરૂઆત, મિલ ઉદ્યોગના લાભ-ગેરલાભ, મિલ ઉદ્યોગના કાપડ વગેરે બાબતોની માહિતી રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવેલો છે.*

***Keywords :*** *હેરિટેજ, સ્પીનીંગ, વિવિંગ, માન્ચેસ્ટર,સાટીન, મશરૂ,કૉટન મિલ, પાવરલુમ્સ*

- **પ્રસ્તાવના :**

ગુજરાતના છેલ્લા રાજપૂત રાજા કર્ણદેવ વાઘેલાનો અલ્લાઉદ્દીન ખીલજી સામે પરાજય થતાં ગુજરાતમાં સલ્તનતયુગનો પ્રારંભ થયો. ઘણા સમય સુધી ગુજરાત દિલ્લીનું ખંડિયુ રાજ્ય બની રહ્યું. આ સમય દરમિયાન વારંવાર થતા વિગ્રહોના કારણે ગુજરાતનો વેપાર ઉદ્યોગ પડી ભાંગ્યો હતો. ઇ.સ.1412માં ગુજરાતમાં સુલતાન અહમદશાહ ગાદી પર આવ્યો, જેણે સાભ્રમતીના કિનારે અમદાવાદ નગર વસાવ્યું. અહમદશાહે દેશ દેશાન્તરથી વેપારીઓ, કારીગરો અને વણકરોને નગરમાં વસાવ્યા. આમ અમદાવાદનું એક ઉદ્યોગનગરી તરીકે રૂપાન્તર થવા લાગ્યું. એક ઉક્તિ છે કે, 'અમદાવાદનો જીવનતાર ત્રણ તાર સાથે વણાયેલો છે. સૂતર, રેશમ અને કસબ.' આ ત્રણ અલગ અલગ પ્રકારનાં કાપડ છે. અમદાવાદનાં વિવિધ પ્રકારના કાપડ પૈકી સાટીન, મશરૂ, મખમલ અને કિનખાબે યુરોપના બજારોમાં પોતાની

વિશિષ્ટતાઓ બતાવી હતી. અમદાવાદના રેશમી તથા કિનખાબના માલના સારાં નાણાં ઊપજતાં હતાં. વેનિસમાં પણ અમદાવાદી કિનખાબ અને મખમલ પ્રથમ પસંદગી પામતાં હતાં. અમદાવાદના કાપડ વિશે એમ કહેવાતું કે, 'રેશમી બુટ્ટાનું કાપડ ખરીદવું છે? અતલસ, સાટીન ને ગજીઆણી લેવી છે? તો અમદાવાદ પધારો.ચણીયા તથા કપડાં કરવા સારૂ તરેહવાર રેશમી અલાયચા અને ખંડ, સાતપડાના ખંડ, મૂગટા, રેશમી અથવા કસબી કોરના પિતામ્બર, મગીઆ, ચંદ્રકળા, ચોકડીઆં, કસબી ધોતીજોટા ને ચણોઠા, ગર્ભસૂતરૂ કે રેશમી કોરની સાડીઓ આ સઘળું અમદાવાદ પોતાના પાક તરીકે જોઇએ એટલા જથ્થામાં અમદાવાદ તમને પૂરૂં પાડશે. ... શાહપુર જાઓ, ત્યાંનાં મશરૂના કારખાનાં જુઓ. આહાહા ઉચ્ચરાવતી ત્યાંનાં ગાલીચાની બેનમૂન બનાવટ જુઓ, જમાલપુર જાઓ, ત્યાંની શાળોમાં વણાતા ગુલના ધોતીજોટા જુઓ. તમે એકવાર તો ખરીદવા જરૂર લલચાશો.' ગુજરાતના લોક સાહિત્યમાં પણ લખાયું છે કે,

> **"રળિયામણી ગૂજરાત જોવા**
> **જોગ જેવી જાણજો;**
> **ધરી યાદ અમદાવાદથી એકાદ**
> **વસ્તુ આણજો."[1]**

અમદાવાદના મલમલને જોઇ બાદશાહ જહાઁગીર પણ આફરીન આફરીન બોલી ઉઠ્યા હતા.

ભારતમાં સમયાંતરે બ્રિટિશ શાસનની સ્થાપના બાદ અમદાવાદના કાપડ ઉદ્યોગ ક્ષેત્રે પરિવર્તન આવવાનું શરૂ થયું. અંગ્રેજો ભારતમાંથી કાચો માલ ઇંગ્લેન્ડ લઇ જઇ ત્યાંની મિલોમાં તૈયાર થતો માલ ભારત લાવી વેચવા લાગ્યા. અંગ્રેજો આ ઉદ્યોગમાં ખૂબ કમાયા તે જોઇ અમદાવાદમાં પણ મિલ ઉદ્યોગના મંડાણ થયાં.

- **મિલઉદ્યોગનો ઇતિહાસ :**

ઇ.સ.1850 થી 1860ના દશકમાં ભારતમાં ઔદ્યોગિક ક્ષેત્રે મોટું પરિવર્તન આવ્યું. ઇંગ્લેન્ડના વેપારીઓને કાપડના વેપારમાં અઢળક નફો કરતા જોઇ ભારતના ઉદ્યોગ સાહસિકોએ મિલ ઉદ્યોગ ક્ષેત્રે ઝંપલાવવાનું નક્કી કર્યું. ઇ.સ.1851માં ભારતમાં પહેલી કાપડની મિલ મુંબઇમાં શરૂ થઇ ત્યારબાદ મદ્રાસ અને કલકત્તા જેવા શહેરમાં કાપડની મિલો શરૂ થવા પામી. આ સમયે અમદાવાદ ન તો સ્વતંત્ર રાજધાની હતું ન તો બ્રિટિશ ઇલાકાનું મુખ્ય શહેર હતું. ઇ.સ.1847માં અમદાવાદના એક ઉદ્યોગ સાહસિક રણછોડલાલ છોટાલાલને વિચાર આવ્યો કે, 'બહારનું રૂ લાવીને કાપડ વણનાર ઇંગ્લેન્ડ ભારતમાં કાપડ વેચી નફો કરે છે તો આપણે જૂની રીત બદલી યંત્ર બળથી સ્વદેશમાં જ કાપડ

[1] શંકરરાય અમૃતરાય, અમદાવાદનો જીવનવિકાસ,અમદાવાદ,1921,પૃ.186.

વણીએ તે નફો કેમ ન કરીએ?' રણછોડલાલે બીજા વેપારીએ પાસે આ વિચાર મૂક્યો પરંતુ વેપારીઓએ તેને સ્વીકાર્યો નહીં. રણછોડલાલે ત્યારબાદ પોતાની યોજના એક અંગ્રેજ ઉદ્યોગ સાહસિક મેજર કુલ જેમ્સને જણાવી. જેમ્સે વિલાયતની બ્રાયન ડંકનની કું.ને રણછોડલાલની યોજના લખી જણાવી સલાહ માંગી. તા.28 જુલાઇ.1847ના રોજ સુતરાઉ કાપડની મિલ માટે એક અંદાજ આપવામાં આવ્યો. વિલાયતની કંપનીને જણાવવામાં આવ્યું કે, 'ઇંગ્લેન્ડથી જે સાંચાદાર કારીગરને મોકલો તે મહેનતુ હોવો જોઇએ. કુશળ હોવો જોઇએ. દારૂડિયો ન હોવો જોઇએ. તેની ચાલચલગત ખરાબ હશે તો અમે તેને કાઢી મૂકીશું. અમે ઓર્ડર આપ્યા બાદ અડધી કિંમત મુંબઇની બેંકમાં જમા મૂકીશું. નર્મદા નદીની આસપાસ કપાસ ખૂબ થાય છે. તેથી અહીં કારખાનું નાંખીશું. વરાળ ઉત્પન્ન કરવા લાકડા બાળવા પડશે કારણ કે હિન્દુસ્તાનમાં કોલસો મોંઘો પડે છે.' પરંતુ આ કંપની ભારતમાં કાપડની મિલો સ્થપાય તેમ ઇચ્છતી ન હતી. કંપનીએ કોઇ જવાબ રણછોડલાલને ન આપ્યો. અંગ્રેજોનો કાપડના વેપાર પર ઇજારાને લગતા એક લેખનું રણછોડલાલે ગુજરાતીમાં ભાષાંતર કરાવી અમદાવાદના 'વર્તમાનપત્ર' નામના અઠવાડિક છાપામાં છપાવ્યો.[2]

રણછોડલાલે આ સમયે ભરૂચમાં રૂ લોઢવાનું કામ કરતા એક અમેરીકન ગૃહસ્થ મિ.જેમ્સ લેન્ડનને પોતાની યોજના મોકલી મિલ ઉદ્યોગ માટે સલાહ માંગી. જેમ્સ લેન્ડને ફરીથી વિલાયતી કંપની પાસે અહેવાલ મંગાવ્યો તેમાં સ્પષ્ટ લખ્યું કે, 'રણછોડલાલની યોજના ફાયદાકારક છે.' લેન્ડને રણછોડલાલને જણાવ્યું કે, 'તમે જો અર્ધું ભંડોળ ઊભું કરો તો અડધું અમે ઊભું કરી આપીશું અને હું મિલના મૅનેજર તરીકે કામ પણ કરવા તૈયાર છું.' તેથી રણછોડલાલ અને કેટલાક શેઠિયાઓએ ભેગા મળી અડધું ભંડોળ ઊભું કર્યું. આ કંપનીમાં ભાગ રાખવા તૈયાર થયેલા શેઠિયાઓમાં વડોદરાના ગોપાળ મોરાર, શેઠ શામળ બહેચરવાળા, રાજપીપળાના રાવ સાહેબ અને ભાવનગરના દીવાન ગૌરીશંકર ઓઝા હતા. ભરૂચવાળા જેમ્સ લેન્ડન સાહેબ ઉચ્ચક રકમ લઇ મિલ માટે મકાન બાંધી આપવા કબૂલ થતાં જરૂરી નાણાનું ભંડોળ ઊભું થયું. લેન્ડન સાહેબે મુંબઇની લેક્ટની કંપનીની જામીનગીરી આપી. એક શૅર પાંચ હજાર રૂપિયાનો એમ કરીને કંપનીનું પાંચ લાખ રૂપિયા ભંડોળ ઊભું કરવામાં આવ્યું. લેક્ટની કંપની જામીનગીરી લખી આપે એટલે સાંચા

[2] દેવેન્દ્ર પટેલ,અમદાવાદ 600,નવભારત સાહિત્ય મંદિર,અમદાવાદ,2010,પૃ.58-59.

ખરીદવા લેન્ડન સાહેબ વિલાયત જાય તેમ નક્કી થયું હતું. આખરે ચાર લાખ રૂપિયાના ભંડોળમાંથી ભરૂચમાં ઇ.સ.1852માં સૂતરનું સૌ પ્રથમ કારખાનું નંખાયું. આ કારખાનામાં 17000 તાકો હતી પણ એક પણ શાળ ન હતી. રૂ.500ના 800 શેર બહાર પાડવામાં આવ્યા હતા. પરંતુ સારા કારીગરોનો અભાવ,બળતણ માટે લાકડાં-કોલસાની પણ મુશ્કેલી અને કંપનીની બાબતમાં રણછોડલાલની લેન્ડન સાથે જામીનગીરી તથા ભાગીદારીની બાબતોમાં કેટલીક ગેરસમજ વગેરે કારણો ઊભા થવાથી કંપની ભાંગી પડી.[3] આ દરમિયાન મુંબઇમાં ઇ.સ.1851માં કાવસજી દાવરે જે મિલ ચલાવવા માંડી; એ જોઇ મુંબઇમાં એ જ સાલમાં એક બીજી કંપની 'ઓરિએન્ટલ સ્પીનિંગ એન્ડ વિવિંગ' નામની ઊભી થઇ. આ જોઇ રણછોડલાલે ફરી પ્રયત્ન કર્યો અને ઇ.સ. 1859માં 'અમદાવાદ સ્પીનિંગ એન્ડ વિવિંગ' મિલની સ્થાપના કરી.

- **પ્રથમ મિલની શરૂઆત :**

રણછોડલાલ લખે છે કે 'ઇ.સ.1859માં કારખાનાનું ખાત મહુરત કર્યું. અમે શરૂઆતમાં ફક્ત 2500 ત્રાકોના સાંચા મંગાવ્યા. ઇંગ્લૅન્ડમાં તે વખતે અમારા આડતિયા હાલના ઓનરેબલ દાદાભાઇ નવરોજી એમ.પી.હતા. એમની સાથે ઓળખાણ મારા મરહુમ મિત્ર શેઠ મેરવાનજી નસરવાનજી ભાવનગરીએ કરાવ્યું હતું. આ ઉપરથી જણાશે કે અમદાવાદની આ પહેલી મિલના સાંચા વગેરે માલ કોઇ વિલાયતી કંપનીને કમિશન આપીને નહિ; પરંતુ ભવિષ્યમાં હિંદના એક મહાપુરૂષ થનારા દેશભક્ત દાદાભાઇ નવરોજીની મારફતે ખરીદાયા હતા.' ઇ.સ.1847માં જ્યારે રણછોડભાઇએ મિલ સંબંધે ફૂલ, જેમ્સ લેન્ડન વગેરે સાથે પત્રવ્યવહાર શરૂ કર્યો ત્યારે હિંદુસ્તાનમાં હાલના જેવી નિયમિત ટપાલ દાખલ થઇ ન હતી. રણછોડભાઇએ કાસદ દ્વારા કાગળો મોકલવા પડતા હતા. પણ એથીએ મોટી મુશકેલી મિલના ભારે સાંચા અમદાવાદના જ પ્રાચીન બંદર ખંભાતથી દરિયામાર્ગે આવ્યા હતા. આ વાતને રણછોડભાઇના જ શબ્દોમાં જોઇએ "તે વખતે આગગાડી નહોતી તેથી અમારે સામાન હોડીઓની મારફત ખંભાતના બારામાં લાવવો પડ્યો હતો અને ત્યાંથી ગાડામાં ભરીને અમદાવાદ આણ્યો હતો. વરાળ શું અને કેવી હોય? અને રૂના સાંચા કેવા હોય? તે વખતે અમદાવાદના લોકો જાણતા નહોતા; તેથી અમારે દરેક જણને સમજાવવું અને શીખવવું પડતું હતું. મુંબઇથી પણ તે વખતે શીખેલા મજૂરો કે કારીગરો મળી શકે તેમ નહોતું; તેથી અમારે ત્યાંના

[3] રજની વ્યાસ,ગરવા ગુજરાતી,અક્ષરા પ્રકાશન,દ્વિતીય આવૃત્તિ,અમદાવાદ,2001,પૃ.222-223.

મજૂરોને માથાફોડ કરીને શીખવવું પડ્યું. અને જેમ તેમ કરી કામ ચલાવ્યું. વિલાયતથી મંગાવેલા અમારા સાંચા એકવાર તો દરિયામાં ડૂબી ગયા, અને ત્યાંથી આવેલો યુરોપિયન સાંચાદાર કૉલેરા થવાથી તરત મરણ પામ્યો. આ બધી મુશ્કેલીઓ પડતાં પણ ઇ.સ.1861માં અમે અમારૂં કારખાનું ચલાવ્યું અને પરમેશ્વરની કૃપાથી અમે ધારતા નહોતા એટલો બધો ફાયદો અમને થયો છે, અને અમે ફતેહમંદ થયા છીએ.” આ મિલનું જંગી બોઇલર ગાડામાં અમદાવાદ કઇ રીતે આવ્યું હશે? તેની કલ્પના કરવી રહી. ઇ.સ.1859માં શહેરના શાહપુર વિસ્તારમાં મિલનો પાયો ખોદવામાં આવ્યો. 30/05/1861ના રોજ 2500 ત્રાકવાળી શહેરની પ્રથમ મિલ શરૂ થઇ હતી.

- **પ્રથમ મિલની પ્રથમ સભા :**

પ્રથમ મિલની શરૂઆત સમયે તા.30મે 1861ના રોજ અમદાવાદ ખાતે એક સભા મળી. જેમાં શહેરના દેશી ગૃહસ્થો ઉપરાંત આઠ નવ યુરોપિયન હતા. આ સભા વિશે બુદ્ધિપ્રકાશના તંત્રી લખે છે કે, ‘યંત્ર ચલાવવાનો પ્રારંભ કર્યો તે વખતે તેમાં જાણે જીવ આવવા માંડ્યો હોય એવી નિશાની જણાવા માંડી અને રાક્ષસી ચક્ર ફરવા માંડ્યું. તે ઉપર અંગ્રેજી લોકોની રીત પ્રમાણે એ કારખાનાનો એન્જિનિયર મિ. અડિંગટનની મડમ સાહેબે દ્રાક્ષારસનો વૈનનો સીસો ફેંક્યો. આ વખતે સાહેબ લોકોએ તથા દેશી ગૃહસ્થોએ ખુશીના અવાજ સાથે એ સંચાને “સાહસકર્મ એવું નામ આપ્યું.’ આ સભામાં હાજર રહેલા મિ.કર્ટીસ નામના ગૃહસ્થે કરેલું ભાષણ જાણવા જેવું છે. તેમણે કહ્યું કે, ‘આ શહેરમાં ઘણો પૈસો છે તેથી દેશી વ્યાપારીઓ અને લોકો હોંશ ભરેલા સાહસિક છે, તો આવી જાતનાં કારખાનાંઓમાં નાંખેલો પૈસો યુરોપિયન લોકોની અક્કલની મદદ લીધાથી થોડાં વર્ષોમાં વધીને કરોડોગણો શા વાસ્તે ન થાય? આ યંત્ર તો ફક્ત એક અજમાયશ દાખલ છે. તો પણ મુંબઇ અને મ્યાનચેસ્ટરની નજર તે કારખાના તરફ છે, માટે ભાગીદારોએ હોશિયાર રહેવું જોઇએ...હિંદુસ્તાનમાંથી મ્યાનચેસ્ટરને રૂ પૂરૂં પડે તે વિષેની હાલમાં વિલાયતમાં મોટી ભાંજગડ ચાલી છે. અમદાવાદના લોકો કહે છે કે, “ઠીક, અમે તમને મદદ કરીશું.” જો તમને કંઇ અડચણ નહીં હોય, ને કદાચિત હશે, તો પણ ખરેખર તમને કોઇ બીજા પ્રકારે મદદ કરવાને ચૂકીશું નહિ. અમારે વાસ્તે સૂતર તૈયાર કરવાને તમે માથાફોડ મહેનત કરી છે, હવે એટલી બધી તસ્દી તમને પડે એવું અમે નહિ કરીએ. અમારે વાસ્તે અમે અમારી મેળે સૂતર તૈયાર કરીશું. તેથી તમારે

ઘણું કામ કરવું નહિ પડે.’[4] હાલ આ શબ્દો અમદાવાદ માટે ખરા પડેલા જણાય છે.

રણછોડભાઇએ રૂ.એક લાખના ભંડોળથી આ મિલ શરૂ કરી હતી. શરૂઆતમાં એમાં 63 માણસો જ કામે લાગ્યા હતાં. દર શૅર રૂપિયા 5000નો હતો. એમાં બે રણછોડભાઇના પોતાના, બે મગનભાઇ કરમચંદના, એક શેઠ હઠીસંગ કેસરીસંગનો, એક વા’ઇટ સાહેબનો તથા એક નગરશેઠ પ્રેમાભાઇ હીમાભાઇનો એમાં મુખ્ય ભાગ હતા.આ કામમાં તે સમયે કાંઇક સારી સમજ ફક્ત રણછોડભાઇને હોવાથી સૂતરની પેદાશ પર 2 ટકા કમિશનથી ભાગીદારોએ એમને વહીવટ કરવા નીમ્યા. ધીમે ધીમે ભંડોળ વધારીને રૂ.3,27,000નું અને શૅર 1000નો કર્યો; ત્રાકો પણ વધારી દશ હજાર કરી. એ પછી 303 શાળો પણ મિલમાં દાખલ કરી. ઇ.સ.1891માં જૂનું ભંડોળ અને નવા અડધિયાં થઇને રૂ.9,31,950 થયું. આ મિલ શરૂ થઇ ત્યારે અમદાવાદનો પશ્ચિમ ભાગ ઉજ્જડ જેવો હોવાથી શાહપુરમાં મોટી જગ્યા મિલને મળી. શાહપુરની મિલ મોટી અને સ્વચ્છ હતી. અહીં આ મિલમાં ધોતિયા,ચાદરો,રૂમાલ,માદરપાટ બનતું. પાછળથી રેશમી કોરનાં ધોતિયા પણ બનવા લાગ્યાં. થોડા વર્ષો આ મિલનો વહીવટ રણછોડલાલે પોતાના પૌત્ર ચીનુભાઇને સોંપ્યો. થોડા જ સમયમાં રણછોડલાલની અમદાવાદ ખાતેની મિલ દેશભરમાં પ્રખ્યાત બનવા પામી હતી. આજે પણ લોકોમાં આ મિલ “શાહપુર મિલ” નામે મશહૂર છે.[5]

- **મિલ ઉદ્યોગમાં તેજી :**

ઇ.સ.1867માં બીજી મિલ રાયખડમાં શેઠ બેચરદાસ અંબાઇદાસ લશ્કરીએ 15000 ત્રાકવાળી અને 300 મજૂરોથી શરૂ કરી. ત્યારબાદ ત્રીજી મિલ શેઠ રણછોડભાઇએ ઇ.સ.1877માં “ધી અમદાવાદ જીનિંગ એન્ડ મેન્યુફેક્ચરિંગ કંપની” નામથી ઊભી કરી. આ મિલના વહીવટની પેઢી રણછોડભાઇએ પોતાના પુત્ર માધવલાલના નામથી કરવાથી “માધવલાલ મિલ” અગર “માધુભાઇ મિલ” નામથી આજે પ્રસિદ્ધ છે. આ મિલ અમદાવાદની ત્રણ મિલોમાંથી સૌથી મોટી મિલ ગણાતી. 05/05/1878ના રોજ શેઠ મનસુખભાઇ ભગુભાઇએ “ગુજરાત સ્પીનિંગ એન્ડ વિવિંગ” મિલ શરૂ કરી. આમ ઇ.સ.1879 સુધીમાં અમદાવાદમાં આ ચાર મિલો હતી જેમાં કુલ 2013 માણસો કામ કરતાં, અને તેમનો પગાર દર વર્ષ રૂ.1,97,770 થતો હતો.[6]

ઇ.સ.1861 થી 1902 સુધીનો સમય મિલ ઉદ્યોગનો ઉદયકાલ હતો. તે સમયે ઓછી મિલો, ઓછું ઉત્પાદન અને

---

[4] રત્નમણિરાવ ભીમરાવ,ગુજરાતનું પાટનગર અમદાવાદ,ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય,બીજી આવૃત્તિ, અમદાવાદ, 2014, પૃ.328-329.

[5] જુઓ પાદનોંધ 2,પૃ.60.

[6] જુઓ પાદનોંધ 4, પૃ.330.

વધુ નફો હતો. કારણ કે માલની માંગ વધુ હતી. ઇ.સ.1861-65માં અમેરિકાનું યુદ્ધ અને ઇ.સ.1864માં અમદાવાદ અને મુંબઇ રેલ્વે શરૂ થતાં માલનો ઉપાડ વધ્યો. બીજી તરફ ઇ.સ.1905માં બંગભંગ ચળવળથી લોકોએ પરદેશી માલનો બહિષ્કાર કર્યો. તેથી સ્વદેશી કાપડમાં તેજી આવી. ઇ.સ.1914-18માં પ્રથમ વિશ્વયુદ્ધ વખતે કાપડમાં એકદમ તેજી આવી. પરિણામે ઇ.સ.1902 થી 1918નો સમય મિલ ઉદ્યોગનો સુવર્ણયુગ ગણાય છે. પરંતુ ઇ.સ.1921માં વિશ્વમાં ઊભી થયેલી આર્થિક મહામંદીના કારણે મિલોની સ્થિતિ કફોડી બની, મિલો દેવાદાર બનવા લાગી. વધુમાં ભારતની મિલોમાંથી નીકળતા માલ પર અંગ્રેજ સરકારે જકાત નાંખી. પરિણામે અમદાવાદની કેટલીક મિલો બંધ થવા પામી. અમદાવાદની મિલોની સ્થિતિ સુધારવા માટે સરકારને વિનંતી કરવામાં આવી. આ માટે અમદાવાદના મિલ માલિકોના મહાજન પ્રતિનિધિ શેઠ કસ્તૂરભાઇ લાલભાઇએ વડી ધારાસભામાં ઠરાવ લાવી લડત ચલાવી. સમયાંતરે પુનઃ મિલોની સ્થિતિમાં સુધારો થવા લાગ્યો. કસ્તુરભાઇએ 1912માં “રાયપુર મિલ”, 1929માં “અરૂણ મિલ”, 1931માં “અરવિંદ મિલ”, 1933માં “નૂતન મિલ” અને 1936માં “ન્યૂ કોટન મિલ” એમ સાત મિલો શરૂ કરી હતી. આ મિલો “લાલભાઇ ગ્રૂપ ઓફ મિલ્સ” તરીકે ઓળખાતી. ઇ.સ.1922 થી ઇ.સ.1932ના તબક્કામાં કૉંગ્રેસની અસહકારની ચળવળથી મિલ ઉદ્યોગને ભારે ઉત્તેજન મળ્યું. ઇ.સ.1921માં અમદાવાદમાં કૉંગ્રેસનું અધિવેશન ભરાયું જેમાં ખાદીને પ્રથમ સ્થાન મળ્યું, પણ સાથે સાથે સ્વદેશી મિલોના કાપડનું પુનરૂત્થાન થયું. પરદેશી કાપડની હોળીઓ પ્રગટી. લોકોમાં અમદાવાદની મિલોના કાપડની માંગ વધી. ઇ.સ.1942ની લડત સમયે મિલોમાં હડતાલો પડી પરંતુ કાપડની માંગ તો વધતી જ ગઇ. પરિણામે અમદાવાદમાં 1889માં 06, 1916માં 53 અને 1934માં 74 મિલો શરૂ થવા પામી હતી.[7]

➢ **મિલઉદ્યોગની પડતી :**

અમદાવાદના મિલ ઉદ્યોગની વિશેષતાઓ જોઇ. હવે તેની પડતીનાં કેટલાંક કારણો તપાસીએ.

1. પશ્ચિમના દેશોએ મિલોની યંત્ર સામ્રગીમાં આધુનિકતા અપનાવી સૂતરના કાપડની નવી નવી વેરાયટી શરૂ કરી. જ્યારે અમદાવાદની મિલોમાં આ સુધારો ન આવ્યો. પરિણામે વિશ્વના બજારોમાં અમદાવાદની મિલોના સૂતરની માંગ ઘટી જવા પામી.
2. ધંધાની હરિફાઇ, મિલ કામદારોના પ્રશ્નો, સરકારી નીતિઓ, કોલસા તથા વેગનોની

[7] ડૉ.માણેકભાઇ પટેલ, આ છે અમદાવાદ, ગૂર્જર ગ્રંથરત્ન, પ્રથમ આવૃત્તિ,અમદાવાદ,2007,પૃ.437-438.

અછત વગેરેએ મિલ ઉદ્યોગમાં વિઘ્નો ઊભાં કર્યાં.

3. સૌથી મોટું કારણ હતું પાવરલુમ્સ ફેક્ટરીઓ. ખાનગી ધોરણે ચાલતા કારખાનામાં પાવરલુમ્સ દ્વારા ઉત્પાદન થતા કાપડે મિલ ઉદ્યોગને મારી નાંખ્યો. જેમ કે, ઇ.સ.1992માં કાપડ ઉત્પાદનના 58% ઉત્પાદન પાવરલુમ્સ ફેક્ટરીઓએ કર્યું. જ્યારે બધી મિલો દ્વારા 47.5% થયું. સમયાંતરે આ ઉત્પાદન ઘટીને 37%,થયું. છેવટે આ મિલઉદ્યોગ મૃતઃપ્રાય બની ગયો.
4. વળી, અમદાવાદની કેટલીક મિલો પાસે અપૂરતી જગ્યા હોવાના કારણે ઘણીવાર કારીગરો છૂટથી કામ પણ ન કરી શકતા. આ મિલો મિલ નહી પરંતુ ઉકરડા જેવી લાગતી. તેથી કેટલાય કારીગરો મિલ છોડી પાવરલુમ્સ ફેક્ટરીમાં જોડાઇ ગયા.
5. ઇ.સ.1973નું વર્ષ મિલ ઉદ્યોગ માટે આર્થિક કટોકટીનું પુરવાર થયું. પરદેશથી આવતા કાપડની માંગ ભારતીયોમાં વધવા લાગી પરિણામે દેશી મિલોના કાપડને નુકશાન જવા લાગ્યું. જેથી અડધો ડઝન જેટલી મિલો બંધ થઇ. ઘણી મિલો માંદા યુનિટ તરીકે જાહેર થઇ. ઇ.સ.1987 થી 1992 દરમિયાન 25 મિલો બંધ થઇ જેના કુલ 59107 કારીગરો બેકાર બન્યા. આમ ,ભારતનું એક વખતનું માન્ચેસ્ટર અમદાવાદ આજે મિલઉદ્યોગ ક્ષેત્રે પૂર્ણવિરામ તરફ જઇ રહ્યું છે.[8]

➢ **સમાપન :**

અમદાવાદના મિલઉદ્યોગનો ઉદ્દભવ ભારતના ઔદ્યોગિક ઇતિહાસનો એક ચમત્કાર છે. અમદાવાદની સૂકી આબોહવા, અમદાવાદને બંદરોનો લાભ નહી અને અમદાવાદની ભૂમિ મિલ ઉદ્યોગ માટે લાયક ન હતી. આવા પ્રતિકૂળ સંજોગો છતાં અમદાવાદનો મિલ ઉદ્યોગ પગભર થયો અને વિકસ્યો જેનું માન અમદાવાદના પુરૂષાર્થને જ છે. અહિં નોંધવા જેવી બાબત એ છે કે અમદાવાદના વેપારીનું મોટું પરાક્રમ તો એ છે કે પરદેશની રીતે પરદેશના યંત્રોથી ઊભા કરેલા આ ઉદ્યોગમાં એણે પરદેશીઓનો પગ ન પેસવા દીધો. પરદેશીઓને નોકર તરીકે રાખીને કામ શીખી લીધું. કલકત્તા અને મુંબઇના મિલઉદ્યોગમાં પરદેશીઓએ હાથ નાંખ્યો; પરંતુ અમદાવાદમાં એક પણ મિલ પરદેશીની થઇ નહિ. વળી, મુંબઇનો મિલઉદ્યોગ પરદેશી મૂડીથી ઊભો થયો જ્યારે અમદાવાદનો મિલ ઉદ્યોગ અમદાવાદની જ મૂડીથી ઊભો થયો. અમદાવાદી વેપારીની સાહસિક વૃત્તિ, ધીરજ અને ખંતવાળા ઉદ્યોગશીલ સ્વભાવના કારણે મિલઉદ્યોગ અમદાવાદનો મોટામાં મોટો ઉદ્યોગ બની ગયો. સમયાંતરે પરિસ્થિતિ બદલાતા

[8] એજન પૃ.439.

અમદાવાદના મિલઉદ્યોગની પડતી પણ થઇ. જે મિલોએ સમયના બદલાતા પ્રવાહ સાથે કદમ મિલાવી પોતાનામાં પરિવર્તન આણ્યું તે આજે પણ અમદાવાદના મિલઉદ્યોગના ઇતિહાસને સાચવીને ઊભી છે. જેમ કે, જમાલપુર દરવાજા બહાર આવેલી “કેલિકો મિલ". જેનો વહીવટ અંબાલાલ સારાભાઇ કરતા. આ મિલે પશ્ચિમમાં મિલ ઉદ્યોગમાં આવેલા પરિવર્તનને જાણી તેનું અનુકરણ કર્યું પરિણામ સ્વરૂપ આપણને એક સમયના માન્ચેસ્ટરની યાદ અપાવતી આ મિલો આજે પણ અમદાવાદની શાન છે. અમદાવાદમાં ચાલતી કેટલીક મિલની માહિતી પરિશિષ્ટમાં આપવાનો પ્રયત્ન કર્યો છે.

## પરિશિષ્ટ - 01

## અમદાવાદની મિલો

મિલ ઉદ્યોગના પ્રારંભે શરૂ થયેલી કેટલીક મિલોની માહિતી આપવાનો અહીં પ્રયાસ કરવામાં આવ્યો છે.

| ક્રમ | મીલનું નામ | સરનામું | માલિકનું નામ | કેટલી ત્રાક | કેટલી શાળ | કેટલી મૂડીથી સ્થપાઇ |
|---|---|---|---|---|---|---|
| 1 | અમદાવાદ એડવાન્સ મિલ્સ | દીલ્હી દરવાજા | ટાટા સન્સ કં.લિ | 30612 | 600 | 1000000 |
| 2 | અમદાવાદ આસ્ટોડિયા મન્યુફે. કં. | આસ્ટોડિયા દરવાજા | ગીરીધરલાલ અમૃતલાલ | 17500 | 0 | 505000 |
| 3 | અમદાવાદ કોટન મેન્યુફે.કં. | સારંગપુર દરવાજા બહાર | અમૃતલાલ દામોદરદાસ | 25116 | 608 | 500000 |
| 4 | અમદાવાદ કોટન એન્ડ વેસ્ટ મેન્યુફે.કં. | દૂધેશ્વરને રસ્તે | રૂસ્તમજી ગોવિન્દલાલ | 10920 | 0 | 450000 |
| 5 | અમદાવાદ ફાઇન સ્પી. અને વી.કં. | ગોમતીપુરના રસ્તે | હીરાભાઇ ઇશ્વરભાઇ | 0 | 376 | 280000 |
| 6 | અમદાવાદ જીનીંગ એન્ડ મેન્યુફે.કં. | રેલ્વેના રસ્તે | માધવલાલ છોટાલાલ | 65516 | 1602 | 1050000 |
| 7 | અમદાવાદ જ્યુબિલી સ્પી. એન્ડ મેન્યુફે.કં. | દરિયાપુર દરવાજા બહાર | ચીમનલાલ નગીનદાસ | 20812 | 351 | 327000 |
| 8 | અમદાવાદ ઇંડસ્ટ્રીયલ મિલ્સ.કં. | ગોમતીપુર રોડ | કે.એલ.મહેતા અને કં | 17640 | 330 | 484000 |
| 9 | અમદાવાદ લક્ષ્મીકોટન | રાયપુર દરવાજા | જયંતિલાલ | 25346 | 0 | 500000 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | મિલ્સ.કં. | બહાર | અમૃતલાલ | | | |
| 10 | અમદાવાદ મેન્યુફે એન્ડ કેલીકો મિલ્સ.કં. | જમાલપુર દરવાજા બહાર | કરમચંદ પ્રેમચંદ | 40768 | 1111 | 1000000 |
| 11 | અમદાવાદ કૈસરે હિંદ મિલ્સ.કં. | રાયપુર દરવાજા બાહ્રર | રમણલાલ કનૈયાલાલ | 17033 | 396 | 500000 |
| 12 | અમદાવાદ ન્યુકોટન મિલ્સ.કં. | કાંકરીયાના રસ્તે | રણછોડલાલ ગીરધરલાલ | 28516 | 576 | 500000 |
| 13 | અમદાવાદ ન્યુ એડવર્ડ મેન્યુફે.કં. | સારંગપુર દરવાજા બહાર | જગાભાઇ મણિભાઇ | 14500 | 250 | 525000 |
| 14 | અમદાવાદ ન્યુ ટેક્ષટાઇલ્સ મિલ્સ.કં. | રાયપુર દરવાજા બહાર | નારણદાસ જીવણલાલ | 20288 | 344 | 500000 |
| 15 | અમદાવાદ સારંગપુર મિલ્સ.કં. | રાયપુર દરવાજા બહાર | હિમતલાલ મોતીલાલ | 24800 | 0 | 325000 |
| 16 | અમદાવાદ સ્પીનીંગ એન્ડ વી.કં. | શાહ્રપુર | રણછોડલાલ છોટાલાલ | 35108 | 794 | 1000000 |
| 17 | અમદાવાદ આર્યોદયજી એ.મે.ફે.કં. | અસારવા પાસે | મંગળદાસ એન્ડ બ્રધર્સ | 23856 | 0 | 500000 |
| 18 | અમદાવાદ સીલ્ક એન્ડ કોટન મે.કં. | તાજપુર | રમણભાઇ ડાહ્યાભાઇ | 0 | 198 | 199825 |
| 19 | અમદાવાદ આર્યોદય સ્પી.એ. વી.કં. | અસારવા રોડ | મંગળદાસ એન્ડ બાલાભાઇ | 38264 | 1250 | 1000000 |
| 20 | અમદાવાદ રામકૃષ્ણ મી.કં.લી. | ગોમતીપુર | ચીમનલાલ માણેકલાલ | 0 | 347 | 325000 |
| 21 | અમદાવાદ સ્વદેશી સ્પીનીંગ એન્ડ મે.કં. | નરોડાના રસ્તે | મણીલાલ મગનલાલ | 20895 | 625 | 600000 |
| 22 | અમદાવાદ વસો મુંબાઇ મિલ્સ.કં. | દૂધેશ્વરને રસ્તે | ચીનુભાઇ બાલાભાઇ | 8540 | 0 | 121725 |
| 23 | અમદાવાદ બેચરદાસ સ્પીનીંગ એન્ડ મિલ્સ. | રાયખડ | દુર્ગાપ્રસાદ એસ લશ્કરી | 14500 | 336 | 500000 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 24 | અમદાવાદ ભરતખંડ કોટન મી.કં. | અસારવાને રસ્તે | મુળચંદ જયકીશનદાસ | 16400 | 420 | 403500 |
| 25 | અમદાવાદ ભરતખંડ ટેનિન મે.કં. | કેમ્પરોડ | જીવણલાલ ગીરધરલાલ | 16344 | 432 | 450000 |
| 26 | અમદાવાદ કોમર્શીયલ મી.કં.લી. | દરીયાપુર કાજીપુરા | ધનજીભાઇ એન્ડ તીકમલાલ | 22984 | 462 | 525000 |
| 27 | અમદાવાદ સીટીઓફ સ્પીનીંગ મે.કં.લી. | કાંકરીયાના રસ્તે | ચંદુલાલ કરસનદાસ | 18572 | 0 | 400000 |
| 28 | અમદાવાદ ગુજરાત કોટન મી.કં. | નરોડાને રસ્તે | એસ.ભગવાનદાસ અને કં | 21529 | 392 | 709750 |
| 29 | અમદાવાદ ગુજરાત જીનીંગ એ.મે.કં. | પ્રેમદરવાજા | જમનાભાઇ મનસુખભાઇ કં. | 74504 | 1838 | 924000 |
| 30 | અમદાવાદ ગુજરાત સ્પીનીંગ એન્ડ વી.કં.લી. | કાળુપુર દરવાજે | જમનાભાઇ મનસુખભાઇ કં. | 26472 | 668 | 420000 |
| 31 | અમદાવાદ ગોમતીપુર સ્પીનીંગ એન્ડ વી.મે.કં. | ગોમતીપુરના રસ્તે | મહમલઅલી તૈયબઅલી | 7712 | 0 | 300000 |
| 32 | અમદાવાદ ગોરધન સ્પીનીંગ એન્ડ.મે.કં. | નરોડા રસ્તે કાળુપુર | નરસીદાસ જેકીશનદાસ | 9688 | 200 | 569850 |
| 33 | અમદાવાદ હઠીસીંગ મી.કં.લી. | સરસપુર દરવાજે | ઊમાભાઇ મણીભાઇ | 15316 | 0 | 222000 |
| 34 | અમદાવાદ હરીવલવદાસ મુળચંદ મી.કં. | દરીયાપુર દરવાજે | એસ.ગીરધરલાલ હરીલાલ | 14764 | 302 | 525000 |
| 35 | અમદાવાદ અસારવા મિલ્સ.કં. | અસારવાને રસ્તે | નાનાલાલ મગનલાલ બ્ર. | 18976 | 400 | 500000 |
| 36 | અમદાવાદ હીમાભાઇ મે.ફે.કં. | સરસપુર દરવાજે | ધીરજલાલ ખુશાલદાસ | 0 | 300 | 179500 |
| 37 | અમદાવાદ ઝવેરી સ્પીનીંગ એન્ડ મે.કં. | રાયપુર દરવાજા બહાર | મણીભાઇ પ્રેમચંદ | 0 | 500 | 198500 |
| 38 | અમદાવાદ જહાઁગીર વકીલ મીલ્સ.કં. | દીલ્હી દરવાજા બહાર | રૂસ્તમજી મંગળદાસની કં | 17124 | 438 | 700000 |
| 39 | અમદાવાદ માણેકચોક મે.કં. | દરીયાપુર દરવાજા | શેઠ હરીલાલ | 29660 | 659 | 525000 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | બહાર | ત્રીકમલાલ | | | |
| 40 | અમદાવાદ ન્યુ માણેકચોક મીલ્સ કં.લી. | દરીયાપુર દરવાજા બહાર | શેઠ લાલભાઇ ત્રીકમલાલ | 25380 | 561 | 525000 |
| 41 | અમદાવાદ માણેકલાલ હરીલાલ સ્પીનીંગ એન્ડ મે.કં. | સરસપુર બહાર | હરીલાલ હરીવલવદાસ | 23750 | 471 | 450000 |
| 42 | અમદાવાદ નેશનલ મીલ્સ.કં. | સારંગપુર દરવાજા | ચીમનલાલ એન્ડ ગોવિંદલાલ | 15196 | 0 | 424000 |
| 43 | અમદાવાદ સારંગપુર કોટન મે.કં. | રાયપુર દરવાજા બહાર | સાકરલાલ બાલાભાઇ | 26764 | 480 | 464000 |
| 44 | અમદાવાદ મોતીલાલ હીરાભાઇ સ્પી.વી. એન્ડ.મે..કં | પ્રેમ દરવાજા બહાર | મનસુખભાઇ ભગુભાઇ | 30848 | 700 | 999000 |
| 45 | અમદાવાદ ન્યુ શોરોક સ્પીનીંગ એન્ડ મે.કં. | અસારવા રોડ | મફતલાલ ગગલદાસ | 20160 | 480 | 325000 |
| 46 | અમદાવાદ પુરૂષોત્તમ સ્પીનીંગ એન્ડ મે. | રાયપુર દરવાજા બહાર | મનસુખભાઇ ભગુભાઇ કં. | 13040 | 384 | 555375 |
| 47 | અમદાવાદ રાજનગર સ્પીનીંગ.વી.એન્ડ મે.કં.નં.1 | પ્રેમ દરવાજા બહાર | મંગળદાસ ગીરધરદાસ | 18192 | 528 | 600000 |
| 48 | અમદાવાદ રાજનગર સ્પીનીંગ.વી.એન્ડ મે.કં.નં.2 | પ્રેમ દરવાજા બહાર | મંગળદાસ ગીરધરદાસ | 15936 | 0 | 600000 |
| 49 | અમદાવાદ રાજનગર સ્પીનીંગ.વી.એન્ડ મે.કં.નં.3 | પ્રેમ દરવાજા બહાર | મંગળદાસ ગીરધરદાસ | 10800 | 644 | 600000 |
| 50 | અમદાવાદ રાયપુર મે.ફે.કં.લી. | હાલ રખિયાલ પાસે | લાલભાઇ દલપતભાઇ | 26680 | 411 | 500000 |
| 51 | અમદાવાદ સરસપુર મે.કં.લી. | સરસપુર દરવાજા પાસે | જગાભાઇ મણીભાઇ | 33824 | 630 | 600000 |
| 52 | અમદાવાદ શોરોક સ્પી.એન્ડ મે.કં.લી. | અસારવાના રસ્તે | મફતલાલ ચંદુલાલ | 16816 | 628 | 325000 |
| 53 | શ્રીનગર વી.એન્ડ .કં.લી. | રેલ્વે પૂલ પાસે | જગાભાઇ મણીભાઇ | 0 | 217 | 500000 |
| 54 | રાજપુર મીલ્સ કં.લી. | ગોમતીપુરના રસ્તે | મેસર્સ પટેલ શાહ અને કું. | 0 | 114 | 101590 |

**સંદર્ભગ્રંથ સૂચિ**


1. શંકરરાય અમૃતરાય,
   અમદાવાદનો જીવનવિકાસ,અમદાવાદ,1921.
2. જોટે,રત્નમણિરાવ ભીમરાવ.
   ગુજરાતનું પાટનગર અમદાવાદ,ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય,બીજી આવૃત્તિ,
   અમદાવાદ,2014.
3. દેસાઇ,મહેબૂબ.
   પ્રવાસન સિદ્ધાંત અને વ્યવહાર, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય,પ્રથમ આવૃત્તિ,અમદાવાદ,2012.
4. પટેલ,દેવેન્દ્ર
   અમદાવાદ 600, નવભારત સાહિત્ય મંદિર,પ્રથમ આવૃત્તિ,અમદાવાદ,2010.
5. પટેલ,માણેકભાઇ.
   આ છે અમદાવાદ, ગૂર્જર ગ્રંથરત્ન, પ્રથમ આવૃત્તિ,અમદાવાદ,2007.
6. વ્યાસ,રજની.
   ગરવા ગુજરાતી,અક્ષરા પ્રકાશન,દ્વિતીય આવૃત્તિ,અમદાવાદ,2001.
7. વ્યાસ,રજની.
   ગુજરાતની અસ્મિતા,અક્ષરા પ્રકાશન,પાંચમી આવૃત્તિ,અમદાવાદ,2012.
8. શેઠ,મગનલાલ વખતચંદ.
   અમદાવાદનો ઇતિહાસ(સન 1850 સુધીનો),ગુજરાત વિદ્યાસભા,બીજી
   આવૃત્તિ,અમદાવાદ,1998.